જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૨/૨૦૧૮ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૩/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૪૫/૧૮**

**રામોલઃ** જસવંતસિંહ સ/ઓ રામપ્રસાદ યાદવ (ઉ.વ.૫૪) (રહે. એ બ્લોક યાદવ રેસીડેન્સી ગેટ નંબર-૨ આરએએફ કેમ્પની પાસે વસ્ત્રાલ રીંગ રોડ વસ્ત્રાલ) એ તા.૧૮/૨/૧૮ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૧૭ થી તા.૦૯/૦૨/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન તથા તે પહેલા કોઈપણ સમયે આરોપી (૧) પંકજભાઇ ત્રિકમભાઇ મહેરિયા (રહે.રોહિતવાસ વટવા) તથા તેના બે મીત્રો (૧) વિરલ અને (૨) જયંતીભાઇ તથા (૩) ડુપ્લીકેટ ખેડુતોના નામ ધારણ કરનાર (૪) ખોટા આઈડી પ્રુફ (આધાર કાર્ડો) બનાવનાર એ ભેગા મળી જસવંતસિંહ યાદવની ઓફીસ યાદવ રેસીડેન્સી વસ્ત્રાલ તથા મામલતદાર તથા રજીસ્ટાર કચેરી મામલતદાર દસ્કોઈ મહેસુલ ભવન વસ્ત્રાલ ખાતે જમીન માલીક નહી હેવાનુ જાણતા હોવા છતા આ ખેડુતોના નામના ખોટા આઇડી પ્રુફ(આધાર કાર્ડ ) બનાવી તેમાં ફોટા એનકેન પ્રકારે લગાવી અને તે ખરા હોવાનુ જણાવી ખોટા નામો ધારણ કરી ખેડુતો હોવાનુ કહી જમીન બતાવી ખોટા આધાર કાર્ડો બતાવી જસવંતસિંહ યાદવ રૂપિપીયા ૨૫,૦૦,૦૦૦/- અવેજના નાણા રજીસ્ટાર રુબરુ બાનાખતો તથા કબુલાત નામમા ખેડુત તરીકે સહીઓ કરી ખોટા આઇડી પ્રુફ બનાબી વિશ્વાસધાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

<u>**ઘરફોડઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૩૪૬/૧૮**</u>

**શાહીબાગઃ** દૌપદી વા/ઓ રમેશભાઇ અગ્રવાલ (રહે. સોમસુર્યા એપાર્ટમેન્ટ યુ.એન.મહેતા હોસ્પીટલ સામે સિવિલ રોડ શાહીબાગ) એ તા.૧૮/૨/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૨/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૧૭/૨/૧૮ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૦૦૦/-, સોનાની વીટી નંગ-૩ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, સોનાની નાકની કાટી કિમત રૂપિયા ૧૦૦૦/-, ચાંદીની પાયલ કિમત રૂપિયા ૨૫૦૦/- ચાંદીના બે લોટા/ગ્લાસ કિમત રૂપિયા ૪૫૦૦/-, ચાંદીના સિક્કા ૧૭ નંગ કિમત રૂપિયા ૮૦૦૦/- અને અને રોકડ રૂપિયા ૪૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૭૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ એચ ઝાલા ચલાવે છે.

**નરોડાઃ** કુલદિપસિહ ચરણસિહ જયસ્વાલ (રહે.વ્રજ રેસીડેન્સી હંસપુરા બસ સ્ટેન્ડ સામે નરોડા દહેગામ રોડ નરોડા) એ તા.૧૮/૨/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૧૮ સાંજના ૫/૩૦ થી તા.૧૮/૦૨/૧૮ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના રસોડાની બારીની જાળી તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી સોનાની ચેઇન નંગ-૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/-, વીટી નંગ-૫ કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાનો હાર કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની બગડી નંગ-૪ કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/-, સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, હાથમા પહેરવાના સોનાના કડા કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, ચાંદીની પાયલ નંગ-૬ કિમત રૂપિયા ૧૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૩૭,૦૦૦/- મતાની ચોરી કરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એચ.બી.વાઘેલા ચલાવે છે.

**ઓઢવઃ** જીગ્નેશભાઇ સ/ઓફ કાંતીલાલ પંચાલ (રહે. પુષ્પક બંગ્લોઝની બાજુમાં વિરાટનગર રોડ નિકોલ) એ તા.૧૮/૦૨/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૧૭/૦૨/૧૮ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ખાતે કારખાનાની દિવાલ કુદી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી વર્કશોપમા મુકેલ નેવીના જહાજમા પાણી માટે વપરાતા બ્રાસના વાલના જથ્થામાંથી કુલ ૧૦૫ નંગ બ્રાસના વાલ કિમત રૂપિયા ૭૧,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પ્રો.પોસ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**રામોલઃ** જેશાજી સ/ઓ નરસાજી પ્રજાપતી (રહે. સ્વામીનારાયણ પાર્ક નિગમ રોડ ઘોડાસર) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૨/૨૦૧૮ રાતના ૯/૧૫ થી તા.૧૮/૦૨/૨૦૧૮ સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ સુરેલીયા સર્કલ પાસે ચારભુજા કિરાણા સ્ટોર નામની દુકાનનુ શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કરીયાણાનુ સામાન અને રોકડ રૂપિયા ૧૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૭,૦૨૮/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી એલ રોહીત ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૭/૧૮</u>**

**દાણીલીમડાઃ** હિતેશભાઇ કેશવલાલ પરમાર (ઉ.વ.૨૨) (રહે.દશરથમુખીની ચાલી કબાડી નંબર-૩ ની બાજુમાં દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૨/૧૮ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા સોર-૩ ફ્લેટની સામેથી હિતેશભાઈ પરમારના ભાઈ નિલેશ મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા નંબર ૨૭ ૪૩૪૪ ના ચાલકે એક્ટીવા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા નિલેશને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.બરબસીયા ચલાવે છે.

**<u>ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૮/૧૮</u>**

**મેઘાણીનગરઃ** જયંતીભાઇ શંકરભાઇ પરમાર (રહે. યુવાળનગર વિભાગ-૧ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ તા.૧૭/૦૨/૧૮ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ખરજવાની દવા પીવાને બદલે ભૂલથી ઉધઇ મારવાની દવા પી જતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયા સારવાર દરમયાન તેમનુ મૃત્યુ નિપજયું હતુઆ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કોદરભાઇ જીવાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૪૯/૧૮</u>**

**રામોલઃ** લીલાબહેન બાબુલાલ અગ્રવાલ (ઉ.વ.૫૦) (રહે.શાષવત વિનાયક ફ્લેટ બીજો માળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૨/૧૮ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શૈલેષભાઇ રણછોડભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સુરેશભાઇ શ્રીધરભાઇ પાટિલ (ઉ.વ.૬૭) (રહે. ઈ.કે ટેનામેન્ટ અંકુર સોસાયટીની બાજુમાં કૃષ્ણનગર) એ તા.૧૭/૦૨/૧૮ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પેટમાં દુખાવો થતા દુખાવાની અસર સહન ન થતા એસીડ પી લીધુ હતુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમયાન તેમનુ મૃત્યુ નિપજયું હતુઆ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.